સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ
તથા આર્થિક રીતે પછાત વર્ગની જાતિઓને
વ્યક્તિગત ધોરણે મકાન માટે સહાય.

---

ગુજરાત સરકાર,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બકર-૧૫૭૯-૧૬૮૭૭-છ.
સચિવાલય, ગાંધીનગર.

તારીખ:- ૨૮-૩-૧૯૭૯.

વંચાણમાં લીધા :- (૧) મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧-૪-૭૮ નો ઠરાવ ક્રમાંક: ડીસીઆર-૧૦૭૮-૧૩૬૩૪-છ.

(૨) મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧-૧૨-૭૮ નો ઠરાવ ક્રમાંક: બકર-૧૫૭૮-૬૭૭૫૦-છ.

(૩) સચિવશ્રી, ગુજરાત પછાતવર્ગ બોર્ડ, ગાંધીનગરનો તારીખ:- ૨૨-૧૨-૭૮નો પત્ર નં. પવબ/યજન/૯/૩૫૭/૭૮ અને તા. ૨૬-૨-૭૯ નો પત્ર નં. પવબ/યજન/૩૩/૭૯/૫૪૧.

ઠ રા વ :-

બક્ષીપંચે સુચવેલ ૮૨ જ્ઞાતિઓ (વર્ગો) જુથોને વિવિધ લાભો રાહતો આપવાનું મંજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧-૪-૭૮ ના ઠરાવ ક્રમાંક: ડીસીઆર-૧૦૭૮-૧૩૬૩૪-છ .થી ઠરાવવામાં આવેલ છે.

૨. બક્ષીપંચની ભલામણને ધ્યાનમાં લઇને કાળજી પુર્વક વિચારણા કર્યા બાદ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા આર્થિક રીતે પછાત વર્ગો માટે વ્યક્તિગત ધોરણે મકાન માટે સહાય આપવાનું આથી સરકારે નિર્ધાર્યું છે. આ યોજના માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે રા. ૨,૨૫,૦૦૦/- અને આર્થિક રીતે પછાત વર્ગો માટે રા. ૨,૨૫,૦૦૦/- એમ કુલ રા.૪,૫૦,૦૦૦/-(એકે રુપિયા ચાર લાખ અને પચાસ હજાર પુરા) ની ખર્ચને આથી મંજૂરી આપવામાં આવે છે. આ યોજનાની વિગતો નીચે મુજબ રહેશે.

(૧) આ યોજના હેઠળ સમાજ કલ્યાણ ખાતા તરફથી આપવામાં આવતાં ખર્ચના ૭૫ ટકા પ્રમાણે વધુમાં વધુ રા.૯૦૦/- ની સહાય આપવામાં આવશે.

(૨) આ સહાય ત્રણ હપ્તામાં ચુકવવામાં આવશે. ૫૦ ટકા અરજી મંજૂર કરતી વખતે, ૨૫ ટકા રકમ બાંધકામ છાપરા સુધી આવે ત્યારે અને બાકીની ૨૫ ટકા રકમ મકાનનું બાંધકામ પુર્ણ થતાં ચુકવવામાં આવશે. આ મકાનો બાંધવા આપવાની જવાબદારી જો કોઇ સ્વૈચ્છિક સંસ્થા કે લોકલ બોડી લેતી હોય તો તેને આ રકમ એક હપ્તામાં ચુકવવામાં આવશે.

..૨...

(૩) આ મકાનો ગ્રાન્ટ મળે છ માસની અંદર પુરી કરવાનું રહેશે. આ મકાનો વ્યવસ્થિત બને તેમજ રકમનો બરોબર ઉપયોગ થાયતે માટે વચ્ચે કોઇ સ્વૈચ્છિક સંસ્થા કે લોકલ બોડી રહે તેવો આગ્રહ રાખવામાં આવે છે.

(૪) આ યોજના હેઠળ અરજદારની આવક મર્યાદા રૂ. ૨૦૦૦/- રાખવામાં આવેલછે. ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ આર્થિક રીતે નબળા ગણાતા કુટુંબો માટે મકાનો બાંધવાની જે યોજના હાલમાં અમલમાં છે. તેને સાંકળી લઇને આ યોજના તૈયાર કરવામાં આવેલ છે.

(૫) આ યોજના મુજબ મકાન સામાન્ય રીતે ૧૦'X૧૨' ફરતું સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે બનાવવામાં આવશે.

(૬) જયાં ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ કે સ્લમ કલીયરન્સ બોર્ડ કે હાઉસીંગ બોર્ડ મકાનો ન બનાવતા ન હોય ત્યાં આવા મકાનો બનાવવામાં આવશે.

(૭) ચાલુ વર્ષે આ યોજના હેઠળ ૫૦૦ મકાનો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે બનાવવા રૂ. ૨૫,૦૦૦/- (૪૫૦ રૂ) પ્રથમ હપ્તો X ૫૦૦ મકાન અને ૫૦૦ મકાનો આર્થિક રીતે પછાત વર્ગો માટે બનાવવા રૂ. ૨,૨૫,૦૦૦/- (રૂ.૪૫૦) પ્રથમ હપ્તોX ૫૦૦ મકાન) એક કુલ રૂ.૪,૫૦,૦૦૦/- ની જરુરીયાત રહેશે.

(૮) મકાન માટેની જમીન અથવા તેની કિંમત અને જમીન વિકાસની સઘળો ખર્ચ આ યોજનાનો લાભ લેનાર લાભાર્થીએ ભોગવવાની રહેશે.

(૯) આ યોજનાની અન્ય શરતો અને વિગતો ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડની સદરહુ યોજના મુજબ રહેશે.

૩. આ યોજનાનો અમલ સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(રાજય) મારફત થશે. આ યોજનાના લાભ મેળવવા ઇચ્છતા લાભાર્થીઓની મુળ યાદી સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ તૈયાર કરવાની રહેશે. ૧૯૭૮-૭૯ ના વર્ષ દરમ્યાન આ યોજનાના અમલ કરવા અને તે અંગે બહોળી પ્રસિધ્ધિ કરવા માટેના જરુરી તમામ પગલાં સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજય અમદાવાદે તાત્કાલિક લેવા.

૪. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટેની આ અંગેની ખર્ચ રૂ. ૨,૨૫૦૦૦/- અંદાજપત્રના સદર ''૨૮૮-સામાજિક સુરક્ષા અને કલ્યાણ- સી-બીજા સામાજિક સુરક્ષા અને કલ્યાણ કાર્યક્રમ (ક) બીજા કાર્યક્રમો (૨)એસસીડબલ્યુ- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને આરોગ્ય ગૃહ નિર્માણ અને બીજી યોજનાઓ માટે નાણાંકીય સહાય તેમજ આર્થિક રીતે પછાત વર્ગો માટે નો

..૩...

આ અંગેનો ખર્ચ રૂ.૨,૨૫,૦૦૦/- અંદાજપત્રમાં સદર ''૨૮૮-સામાજિક સુરક્ષા અને કલ્યાણ-ચ અનુ.જાતિ અનુ. આદિજાતિઓ અને બીજા પછાતવર્ગોને કલ્યાણ (ખ) બીજા પછાતવર્ગોનું કલ્યાણ એસસીડ જેવું આર્થિક રીતે પછાત વર્ગોને આરોગ્ય ગૃહ નિર્માણ અને બીજી યોજનાઓ માટે નાણાની સહાય'' માંથી ઉધારવો.

૫. આ ઠરાવ,આ વિભાગની સમાન: ક્રમાંકની ફાઈલ પંચાયત,ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગની તારીખ:- ૯-૩-૭૯ ની અને નાણાકીય સલાહકારશ્રીની તા. ૧૫-૩-૭૯ ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર.ડી.ઠાકર,
ઉપસચિવ,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ
વિકાસ વિભાગ.

:વાધેલા: ૨/૧/૯૨